# ખામી શોધવાની ખૂબી

● આજે કેટલાક એવા લોકોની ચર્ચા કરવી છે જેમને તેઓ ગમે ત્યાં જાય પણ દરેક જગાએ કશીક ખામી જ દેખાતી હોય છે, બીજુ બધુ ઘણું સરસ હશે તો પણ એની એ જરા ય નોંધ નહિ લે પરંતુ જરાક નાની અમથી ખામી કે ક્ષતિ એમને જો દેખાય કે પછી એ શોધી કાઢે તો પાછા એ એને એમના મનમાં નહિ રાખે પણ જે પ્રસંગમાં ગયા હોય ત્યાં એમના જેવા બીજા નમૂના હોય તેમની સાથે શેર પણ કરતા હોય છે.

● અમારી સોસાયટીમાં છેવાડાના મકાનમાં એક વયોવૃધ્ધ કાકા અને કાકી રહેતાં. કાકાને રોજ સવારે ઉઠીને ઘરની આગળ જે કંઈ કચરો, છૂટાં કાગળિયા, ક્યાંકથી ઉડીને આવેલી પ્લાસ્ટીકની થેલીઓ હોય, કોઈ ઝાડનાં લીલાં સૂકાં પાંદડાં વગેરે પડ્યુ હોય તેની સફાઈ ખૂબ જ ચીવટથી કરવાની ટેવ.... મારે રોજ સવારે મંદિરે જવાની ટેવ તો એ મને દરરોજ મળે ને કોઈકની કશી ખામી જ યાદ કરીને તૈયાર રાખી જ હોય...હું કશું ના પૂછુ તો ય એ મને ઉભો રાખીને કોઈએ કચરો નાખ્યો હોય, એંઠવાડ નાખ્યો હોય, કોઈની ગાડીને રોજ ગમે તેમ પાર્ક કરી દેવામાં આવતી હોય આવી બધી નાની નાની એમની ફરિયાદો મને સંભળાવે, એમને કદાચ મનમાં એવું હશે કે હું કદાચ એમની ફરિયાદોનું નિવારણ કરી શકીશ .....જોકે મારે એમની ફરિયાદો ફરજિયાત રીતે સાંભળવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નહિ.... છતાં એમનાથી બચવા હું ક્યારેક રસ્તો પણ બદલતો.....

● એકવાર એમણે એમના ઘર આગળના ચોકમાં પડેલા કચરાની મને ફરિયાદ કરી હતી અને જે લોકો એને માટે જવાબદાર હતા એમને કંઈક સમજાવવાના હતા તે કચરો એક બે દિવસમાં ત્યાંથી હટી ગયેલો જોઈ મેં એમને



## સહેજ મલકીએ..!

અનંત પટેલ

શાબાશી આપતાં કહ્યું કે ‘કાકા આખરે તમે અહીંથી કચરો ઉઠાવડાવ્યો ખરો હોં...!!’ તો એમણે મારી વાતને સાંભળી ના સાંભળી કરી અને એ કચરો જે તે લોકોએ એમના કહ્યા વગર જ ઉઠાવી લેધેલો એની એમણે કશી નોંધ જ ના લીધેલી બોલો... અને પાછી બીજી નવી જ ફરિયાદ કરવા લાગ્યા,

● ‘જૂઓ આ મતદાન પતી ગયું ને એટલે હવે આ કોર્પોરેશનવાળાઓએ ત્રણ દિવસથી પાણી હાવ ધીમુ કરી દીધુ ..... બોલો કોને શું કહેવા જવું ??? આમાં બનેલું એવું કે છેલ્લા ઘણા સમયથી સોસાયટીમાં નિયમિત રીતે અને પૂરતા ફોર્સથી પાણી આવતું હતું . દરમિયાનમાં કશીક ચૂંટણીને લીધે મતદાન કરવાનું થયું, અને મતદાન પૂરું થયાના બીજા જ દિવસે કશીક ટેકનીકલ ક્ષતિને લીધે પાણી ધીમું થઈ ગયું તો એમણે એની ય આવી ફરિયાદ મને કરી દીધી... આ સાંભળી મને તો મનમાં એમના સ્વભાવ વિશે હસવું આવી ગયું છતાં તે મેં રોકી રાખ્યુ ને એમને થોડી ધીરજ ધરવા કહી હું ત્યાથી ચાલતો થયો.’

● મને થતું કે એમના ઘરમાં એમની પત્ની તેમ જ છોકરા - વહુઓ સાથે પણ એમનું આવું ને આવું જ હશેને ?? એ લોકો તો કદાચ એમના સ્વભાવથી ટેવાઈ ગયાં હશે...!

● ઘણા લોકો એવા હોય છે કે એ લગ્નમાં કે ગમે તે પ્રસંગમાં ગયા હોય તો એમને ઘરનાં યજમાન અને અન્ય લોકોએ પહેરેલાં કપડાંની જ ચર્ચા કરવાનું અને તેમાં ય ખામીઓ શોધવાનું જ ગમતું હોય છે...

● મોટા પ્રસંગોમાં કેટલાક લોકો રસોઈની પણ ખણ ખોતર કરતા જ હોય છે ને એમાં ય જો કોઈ એમ કહેને કે ભાઈ રસોઈ બહુ હાઈક્લાસ થઈ છે તો તો થઈ જ રહ્યું...ગમે તે ખામી શોધીને આવા લોકો પેલા પ્રશંસા કરનાર પર તો તૂટી જ પડતા હોય છે...

● આવા લોકોને પાછાં એમનાં સગાં વહાલાં તો ઓળખી જ ગયાં હોય છે એટલે એ બધાં એમનું પૂરતુ ધ્યાન રાખતાં થઈ જાય છે..અને બીજાને ત્યાં એ આવ્યાં હોય તો એમનાથી સાચવીને એ દૂર જ રહેતાં હોય છે...!!

વળી બીજાની ખામી શોધનારાની કોઈ વાત સાથે તમે સંમત થઈને સૂર પૂરાવો તો એ ભાઈ કે બેન પાછા તમારી ગેરહાજરીમાં તે વ્યક્તિ સમક્ષ તમે એમની શી શી ખામી બતાવતા હતા એ બધું જ કહી જ દેતા હોય છે અને એમની આગળ તમને નીચા બતાવતા હોય છે...કે વગોવતા હોય છે !

● એટલે અંતમાં તમને મારી વિનંતી છે કે તમારી આજુ બાજુમાં ય આવા મહાનુભાવો રહેતા જ હશે તો એમને ઓળખીને એમનાથી દૂર જ રહેવામાં તમારી ભલાઈ છે એમ માનજો હો...

મો. 98984 09053
- anantpatel135@yahoo.com

# ભાદરવી પૂનમના સમયગાળા દરમ્યાન અંબાજી ટ્રસ્ટ દ્વારા આરતી, દર્શન, મહાયજ્ઞનું જીવંત પ્રસારણ કરાશે

## તા. ૨૭ ઓગસ્ટથી તા. ૨ સપ્ટેમ્બર સુધી અંબાજી ટ્રસ્ટની વેબસાઈટ, ફેસબુક, યુ-ટ્યુબ ઉપર લાઈવ ટેલીકાસ્ટ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પ્રતિવર્ષ યોજાતા ભાદરવી પૂનમના મહામેળા પ્રસંગે આ વર્ષે કોરોના વાયરસની વૈશ્વિક મહામારી સંદર્ભે યાત્રિકોની સલામતી અને માઈભક્તોની લાગણીની ધ્યાનમાં લઈ બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર આને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જે અનુસાર તા.૨૪/૦૮/૨૦૨૦ થી તા.૦૪/૦૯/૨૦૨૦ સુધી અંબાજી મંદિર સંપૂર્ણપણે દર્શનાર્થીઓ માટે બંધ રહેશે.

આ વર્ષે ભાદરવી પૂનમના મહામેળાનો સમયગાળો તા.૨૭/૦૮/૨૦૨૦ થી તા.૦૨/૦૯/૨૦૨૦ સુધીનો છે પરંતું કોરોના વૈશ્વિક મહામારીના લીધે મેળો બંધ છે. આ સમયગાળા દરમ્યાન માઈભક્તો ઘેરબેઠાં જ માતાજીના દર્શન, પૂજન, અર્ચના કરી શકે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જીવંત પ્રસારણ-લાઈવ ટેલીકાસ્ટની સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમયગાળા દરમ્યાન અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની વેબસાઈટ, ફેસબુક, યુટ્યુબ, ટ્વીટર તથા લાઈવ સ્ટ્રીમીંગ સર્વર ઉપર દર્શનનો લાભ લઈ શકશે.



ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે લાઈવ વેબકાસ્ટીંગમાં માતાજીની સવાર-સાંજની આરતી, સમયાંતરે માતાજીના દર્શન, ચાચર ચોકમાં સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ, ગબ્બર દર્શન, નૃત્ય મંડપ, યજ્ઞશાળામાં થનાર કાર્યક્રમ તેમજ ગત વર્ષના સાંસ્કૃતિક કાર્યક્રમોનું સવારે-૭.૩૦ થી મંદિર મંગળ થાય ત્યાં સુધી ઓનલાઈન જીવંત પ્રસારણ કરવામાં આવશે.

અંબાજી મંદિરના ચાચર ચોકમાં આવેલ યજ્ઞ શાળામાં સાત દિવસ સુધી હોમાત્મક સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ કરવામાં આવશે. ૫૧ શક્તિપીઠના તેમજ યજ્ઞશાળાના બ્રાહ્મણો દ્વારા આ મહાયજ્ઞ કરવામાં આવશે. ૪૦ બ્રાહ્મણો ૫ દિવસ સુધી રોજના ૧,૦૦૦ ચંડીપાઠ કરશે. વિશ્વશાંતિ અર્થે ૧૦ લાખ જપ કરવામાં આવશે. ઉલ્લખેનીય છે કે, અગાઉ દેવસ્થાન ટ્રસ્ટમાં ૧૯૯૪માં શિખર કળશ સ્થાપન સમયે સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. આ મહાયજ્ઞનો આધાત્મિક મહિમા અને મહત્વ અજોડ છે.

તા.૨૭/૦૮/૨૦૨૦, ગુરૂવાર દિવસથી માતાજીની મૂર્તિનો મહાભિષેક કરી સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો શંખનાદ કરવામાં આવશે. તેમજ તા.૦૨/૦૯/૨૦૨૦, બુધવાર સાંજે-૪.૩૦ કલાકે પૂર્ણાહુતિ અને મહાઆરતી કરવામાં આવશે.

ભાદરવી પૂનમના મહામેળા પ્રસંગે દૂર દૂરથી લાખો યાત્રિકો પદયાત્રા કરીને અંબાજી આવી માતાજીના ચરણોમાં મસ્તક જુકાવી ધન્ય બનતા હોય છે પરંતું આ વર્ષે ભાદરવી પૂનમનો મહામેળો બંધ હોવાથી અંબાજી ટ્રસ્ટ દ્વારા કરાયેલ લાઈવ ટેલીકાસ્ટની વ્યવસ્થાને લીધે દેશભરમાં અને વિદેશોમાં વસતા કરોડો માઈભક્તો ઘેરબેઠા પણ માતાજીના દર્શન કરી શકશે. અત્રે નોંધનીય છે કે, રજીસ્ટર થયેલા સંઘોને અને જે સંઘોની માંગણી આવી છે તેવા જરૂરીયાત સંઘોને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ચાચર ચોકમાં પૂજન અર્ચન કરેલ ૧૪૦૦ ધજાઓ ભાદરવી પૂનમીયા સંઘ ટ્રસ્ટ મારફત ગત તા.૨૧ ના રોજ મોકલવામાં આવી છે. લાઈવ ટેલીકાસ્ટના સમાચારથી માઈભક્તોમાં આનંદની લાગણી પ્રસરી છે.

## ડાયરેક્ટ ❤ સે

મહેનત એટલી શાંતિથી કરો કે સફળતા શોર મચાવી દે...

## જન્મદિને વધામણી



હર્ષદ રૂપપરા
માહિતી મદદનીશ
મો. ૯૭૨૬૫ ૧૫૨૯૫



જાડેજા દિવ્યરાજસિંહ ભૂપેન્દ્રસિંહ
મો. ૯૬૨૪૬ ૨૧૪૧૬



પ્રજાપતિ પારુલબેન દિપકભાઈ



શિવાંશ ગૌરવ પોપટ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# કોરોના મહામારીમાં ઈકો ફ્રેન્ડલી ગણપતિ બાપાની ઘરે-ઘરે સ્થપના-પૂજા-અર્ચના અને વિસર્જન કરાયું



ગાંધીનગર, તા. ૨૫

કોરોના મહામારીનું ગ્રહણ ગણેશ મહોત્સવને પણ લાગી ગયું હોવાથી સરકારની ગાઈડલાઈન્સ મુજબ વર્તમાન કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને સામાજિક અંતરની સાથે માસ્ક પહેરીને મર્યાદિત સાંખ્યામાં ભાવિક ભક્તજનો દ્વારા ઘરે ગજાનનની મૂર્તિની સ્થાપના કરીને પૂજા અર્ચના કરી રહ્યા છે.

ત્યારે ભાદરવા સુદ-૪ના રોજ ઘરે ઘરે ભગવાન ગણેસજી માટીની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સ્થિત સેકટર-૧૩ બી પ્લોટ નં. ૯૨૮/૧માં રહેતા ચિરાગભાઈ શાહ અને પ્રજ્ઞેશભાઈ શાહના ઘરે પણ ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં તેમના પરિવારની દીકરીઓ કુ. મૌલી, કુ. નીધિ, કર્તવ્ય, કુ. રિદ્ધિ, જુગલ, રુદ્ર અને તનય નાના બાળકોએ સામુહિક રીતે માટીના ગણપતિની મૂર્તિ બનાવી અને સુંદર રીતે શણગાર કરી ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. આ ગણેશોત્સવમાં શાહ પરિવાર, અયાચી પરિવાર, જોષી પરિવાર, ભટ્ટ પરિવાર, પાઠક પરિવાર તેમજ સોસાયટીના ભાવિક ભાઈ બહેનો સોશિયલ ડિસ્ટન્સ જાળવી પૂજા-અર્ચના આરતી કરી ગણપતિ બાપ્પાના દર્શનનો લાભ લીધો હતો. માટીના ગણપતિ બાપાનું ઘર આંગણે વિસર્જન કર્યું હતું.



ઘરે-ઘર શ્રી ગણેશજીની સ્થાપના...



ગાંધીનગરના એક કુટુંબના વ્યક્તિની તબીયત ગંભીર હતી અને તેમને ઈમરજન્સીમાં અમદાવાદ સિવિલ (કેન્સર વિભાગ) ખાતે બલ્ડની જરૂરીયાત પડી ત્યારે ‘આઈવેન્ટસ ઈવેન્ટ ઓર્ગેનાઈઝેશન અને રાધે-રાધે પરીવાર ગ્રુપના તરલભાઈ લેઉઆ’ એ પોતાનુ લોહી આપી એક સરાહનીય કાર્ય કર્યું હતું અને તેમને સમાજને એક મેસેજ આપ્યો કે નિયમિત લોહી આપવું જ જોઈએ અને રક્તદાન એજ મહાદાન...

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ વિતરણ



ગાંધીનગર તા. ૨૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે ૩૨૭ કિ.ગ્રા. ચોખાનું વિતરમ કરવામાં આવ્યું હતું. ૧૦૯ લાભાર્થીઓને ૩ કિગ્રા. ચોખાની સાથે ચપ્પલ, તાડપત્રી, નાસ્તો અને પેરાસીટામોલની સ્ટ્રીપ આપી હતી.

સેવાકાર્યમાં રક્ષા ગોહિલ, અમૃત પ્રજાપતિ, મોન્ટુ દિનેશભાઈ તથા મિલિંદભાઈ સાથે હતા.



આઈઆઈટી પાલજ, ગાંધીનગરે સતત બીજા વર્ષે ફાઈવ સ્ટાર રેટિંગ સાથે ‘ઈટ રાઈટ કેમ્પસ એવોર્ડ’ મેળવ્યો હતો.

# શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં માતૃ-પિતૃ પૂજન મહોત્સવની ઓનલાઈન ઉજવણી



ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન શિક્ષણની સાથે-સાથે વિદ્યાર્થીની બહેનો સહ અભ્યાસ પ્રવૃત્તિમાં રસ લે તેવા હેતુસર ધોરણ-૩ની વિદ્યાર્થીની બહેનો માટે ‘વડીલોનું પૂજન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૫૦ જેટલા વિદ્યાર્થીની બહેનો જોડાઈ જેમાં દરેકે રસપૂર્વક ભાગ લીધો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાનાં સુપરવાઈઝર ભગવતીબેન કે પટેલનાં માર્ગદર્શન નીચે મદદનીશ શિક્ષક ચેતનભાઈ કે પંચાલ એ કરેલ. જેમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને શાળાનાં આચાર્યા નિરુબેન જે પટેલ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.